Shri Vile Parle Kelavani Mandal's

# C. N. M. School & N. D. Parekh Pre-Primary School

**Premiminary Exam : Year 2007 – 2008**

Theexampapers.com

**Std: X** | **Subject : Gujarati** | **Date :**

**Marks : 80** | | **Time : 3 hrs.**

---

- This paper consist of 3 printed pages.
- First 15 minutes are exclusively only for reading the question paper. Do Not write anything while reading.
- The time given at the head of this paper is the time allowed for writing the answers.
- This paper comprises of two sections, Section A and Section B. Attempt all questions from Section A and attempt four questions from section B.

---

**પ્રશ્ન ૧ નીચે આપેલા વિષયોમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ લખો.** (૧૫)

૧) વૃક્ષોનું માનવજીવનમાં શું મહત્વ છે ? - વૃક્ષ કાપીને માણસ પોતાના જ પગ પર કુહાડી મારે છે - વૃક્ષ આપણાં મિત્રો છે - તેના આધાર પર તમારા વિચારો જણાવો.

૨) ટી.વી - આશીર્વાદ કે શાપ ?
ટી.વી. પરના આજકાલના કાર્યક્રમો તથા જાહેરાતોની આપણા પર થતી અસર તેમજ ટી.વી. ના ફાયદા અને ગેરફાયદા વિશે તમારા વિચારો જણાવો.

૩) 'અનુભવોથી માનવી ઘડાય છે' - તમારા જીવનના કડવાં-મીઠાં અનુભવો વર્ણવો - તમે શું શીખ્યાં તે વિગતવાર લખો.

૪) 'સોબત તેવી અસર' કહેવતને આધારે એક વાર્તા લખો.

૫) આપેલું ચિત્ર જોઇ તમારા મનમાં આવતા વિચારોને વાચા આપતો નિબંધ લખો.



**પ્રશ્ન ૨ નીચેનામાંથી કોઇપણ એક વિષયપર પત્ર લખો.** (૭)

૧) શાળા જીવનના યાદગાર દિવસોનું વર્ણન કરતો પત્ર તમારા પરદેશ રહેતા ખાસ મિત્રને લખો.

૨) શાળામાં કરેલી ગેરવર્તણુકને કારણે માતા-પિતાને શાળામાં બોલાવ્યા કરેલી ભૂલોનો અફસોસ વ્યક્ત કરી ક્ષમા માંગતો પત્ર શાળાના પ્રિન્સીપલને લખો.

પ્રશ્ન ૩ **નીચેનો ગદ્ય ખંડવાંચી તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો.** (૧૦)

કર્મનો અટલ સિદ્ધાંત છે કે જેવું વાવો તેવું લણો, જેવું કરો તેવું પામો, જેવી કરણી તેવી પાર ઊતરણી - **'જો જસ કરાઇ સો તસ ફલ ચાખા.'** પરંતુ આપણા બધાનો પ્રત્યક્ષ અનુભવ એવો છે, અને આપણે નજરોનજર એવું જોઇ એ છીએ કે જે માણસ ન્યાય, નીતિ અને ધર્મથી ચાલે છે તે આ જગતમાં દુઃખી થતો જ દેખાય છે. અધર્મ અનીતિ કરે છે, કાળાં બજાર, લંચરૂશવત કરે છે, તેને ઘેર બંગલા, મોટર વગેરે સુખ સમૃદ્ધિ હોય છે. આવું જોઇએ છીએ ત્યારે ઇશ્વર ઉપરથી આપણી શ્રદ્ધા ડગી જાય છે અને કર્મના કાયદામાં કાંઇક ગરબડ હોય તેવું લાગે છે, અને તેથી સુખ મેળવવાની આશામાં આપણે પણ અનીતિ, અધર્મથી પૈસા પ્રાપ્ત કરવા પ્રેરાઇ એ છીએ. આ એક ભયંકર ગેરસમજ છે. પુણ્યનું ફળ હંમેશાં સુખ જ હોય અને પાપનું ફળ હંમેશા દુઃખ જ હોય છે. તેમ છતાં જે માણસ પાપ કરતો હોય છતાં સુખ ભોગવતો દેખાય તો તે સુખ તેનાં હાલનાં પાપકર્મોનું ફળ નથી; પરંતુ તેણે પૂર્વે કરેલાં પુણ્યકર્મો જે સંચિતમાં જમા પડયાં હતાં તે પાકીને પ્રારબ્ધરૂપે તેને સુખ આપતાં હોય છે. અને હાલનાં પાપકર્મોને ત્યાંસુધી ફલિત થવામાં વિલંબ કરવો પડે છે. પરંતુ જ્યારે તેનાં પૂર્વેનાં પુણ્યકર્મોનું બનેલું પ્રારબ્ધ વપરાઇ જશે કે તુરત જ તેનાં પાપકર્મોનું પાકેલું ફળ દુઃખ પ્રારબ્ધરૂપે સામું આવીને તેનું દુઃખ ભોગવાવશે. જ્યાંસુધી પૂર્વે કરેલું પુણ્ય તપે છે, ત્યાંસુધી કેટલીક વખત હાલમાં કરાંતાં પાપકર્મો હુમલો કરતાં નથી.

જ્યારે હાલમાં ન્યાયનીતિથી ચાલનારો માણસ કદાચ દુઃખી થતો દેખાતો હશે, પરંતુ તેનું હાલનું દુઃખ તેણે પૂર્વે કરેલાં પાપ કર્મો સંચિત કર્મોમાં જમા થયેલાં તે પાકીને પ્રારબ્ધરૂપે સામે આવીને ઊભેલાં છે તેથી તે દુઃખી છે. હાલમાં ન્યાયનીતિથી કરેલાં કર્મો કાળે કરીને પાકશે ત્યારે તે સુખના સ્વરૂપમાં પ્રારબ્ધરૂપે આવીને તેને જરૂર મળશે જ. એટલે તેણે કર્મના કાયદામાંથી શ્રદ્ધા ડગાવીને ન્યાયનીતિ છોડીને અધર્મનું - અનીતિનું આચરણ ન જ કરવું.

ગામડામાં અનાજ ભરવાની મોટી મોટી કોઠીઓ હોય છે. તેમાં ઉપરથી અનાજ નાંખવામાં આવે છે, અને કોઠીની નીચે એક બાકોરૂં હોય છે, તેમાંથી જોઇતું અનાજ કાઢવામાં આવે છે. તમારી કોઠીમાં ઘઉં ભરેલા છે, અને મારી કોઠીમાં કોદરા નાખતા હો તોપણ કોઠીના નીચેના બાકોરામાંથી ઘઉં જ નીકળે અને હું હાલમાં મારી કોઠીમાં ઉપરથી ઘઉં નાખતો હોઉં તોપણ જ્યાં સુધી મારી કોઠીના કોદરા પૂરેપૂરા ખલાસ ના થાય ત્યાંસુધી તે કોઠીના નીચેના બાકોરામાંથી કોદરા જ નીકળે. પરંતુ મારે અકળાવાની જરૂર નથી. જ્યારે તમારી કોઠીમાં ઘઉં પૂરા થઇ જશે, એટલે પછી તમારે કોદરા ખાવાનો વખત આવવોનો જ છે તે ચોક્કસ છે, જ્યારે મારી કોઠીના પહેલાં સંચિત થયેલા કોદરા ખલાસ થઇ જશે, ત્યારે મેં હાલમાં નાખેલા ઘઉં આવવાની શરૂઆત થશે જ. પછીથી તમે જ્યારે કોદરા ખાતા હશો ત્યારે હું ઘઉં ખાતો હોઇશ. પરંતુ તે માટે મારે થોડી ધીરજ અને ઇશ્વર પર શ્રદ્ધા અને કર્મના કાયદામાં વિશ્વાસ રાખવો જોઇએ.

**સવાલો :**

૧) કર્મનો સિધ્ધાંત શું છે ?

૨) ઇશ્વર પરથી આપણી શ્રધ્ધા ક્યારે ડગી જાય છે ?

૩) પાપ-પુણ્યનું ફળ મનુષ્ય કોઇ રીતે ભોગવે છે ?

૪) ન્યાયનીતિ છોડીને અધર્મનું આચરણ ન જ કરવું તેમ લેખક શા માટે કહે છે ?

૫) કર્મનો સિધ્ધાંત સમજાવવા લેખક કયું. ઉદાહરણ આપે છે ? તે સમજાવો.

પ્રશ્ન ૪ **સૂચના અનુસાર કરો.**

૧) **લીટી દોરેલા શબ્દોની જગ્યાએ યોગ્ય રૂઢિપ્રયોગ વાપરી વાક્ય કરી લખો.** (૧)
કષ્ટ સહન કરી માતા-પિતા બાળકોને ઉછેરે છે.

૨) **નીચે આપેલા રૂઢિ પ્રયોગોમાંથી કોઇપણ એકનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** (૧)
(૧) ગંગા નાહ્યા (૨) આંખમાં ધૂળ નાખવી.

૩) **લીટી દોરેલા શબ્દોની જગ્યાએ યોગ્ય કહેવત વાપરી વાક્ય કરી લખો** (૧)
(૧) ધર્મોમાં કહેવાયું છે કે અંતઃકરણ પવિત્ર હોય તો જાત્રા કરવાની જરૂર નથી.

૪) **નીચેની કહેવતમાંથી કોઇ પણ એક કહેવતનો ઉપયોગ કરી વાપસ બનાવો** (૧)
(૧) હવનમાં હાડકું (૨) ઉતાવળે આંબા ન પાકે

૫) **નીચે આપેલા શબ્દોમાંથી કોઇપણ બે શબ્દોના દ્વિઅર્થી લખો.** (૧)
(૧) સર (૨) વા (૩) પાત્ર (૪) તરી

૬) **નીચે આપેલા શબ્દસમૂહમાંથી કોઇ પણ બે શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** (૧)
(૧) શબને ઓઢાડવાનું લૂગડું (૩) નવી પરણેલી સ્રી
(૨) ધાર્મિક ક્રિયાને અંતે બ્રાહ્મણને અપાતું દાન (૪) દરિયામાંથી મોતી કાઢનાર

૭) **નીચે આપેલી ખાલી જગ્યામાં લીટી દોરેલી શબ્દોનો વિરોધી શબ્દ લખી વાક્ય ફરીથી લખો.** (૧)
(૧) મહાભારતના યુધ્ધમાં પાંડવોનો જય થયો અને કૌરવોનો ........ થયો.
(૨) જીવનની અંગત વાતો જાહેર ન કરવી થોડીવાતો ........... રાખવી જોઇએ.

૮) **લીટી દોરેલા શબ્દનું લિંગ બદલી વાક્ય ફરીથી લખો.** (૧)
ભેંસ ખેતરમાં ચરે છે.

**ધૂમકેતુના વાર્તારત્નો**

પ્રશ્ન ૫ **"રાધાનાં ગીતોમાં પ્રેમ ભરેલી હલક રહેતી. પણ પ્રેમ ભરેલી હલક કરતાં કાંઇક વિશેષ પણ એમાં હતું. અને એ વિશેષ જ મહત્વનું હતું." - 'ત્રિકોણ'**

૧) રાધા પ્રેમભર્યા ગીતો કોને સંભળાવતી ? તેને શારિરીક કઇ ખોડ હતી ? (૨)
૨) મહાલયમાં કોણ રહેતું હતું ? તે કઇ રીતે સુખી અને દુઃખી હતો ? (૨)
૩) વાર્તાના કુટુંબો વિશે લખી, ચકલા ચકલીનું ત્રિકોણ કઇ રીતે તૂટે છે ? (૩)
૩) 'ત્રિકોણ'નો અર્થ સ્પષ્ટ કરી વાર્તા દ્વારા લેખક ક્યું કરવું સત્ય રજૂ કરે છે. (૩)

પ્રશ્ન ૬ **'પેલો માણસ ગયો એટલે બિંદુમતી કમાડ બંધ કરી, અધીર પગલે મેડા ઉપર ચડી ગઇ. કાગળ વાંચવા...... 'બિંદુ'**

૧) કમાડની સાંકળ કોણ ખખડાવતું હતું ? તે કોને મળવા આવ્યો હતો ? (૨)
૨) વિરમગઢ સ્ટેશને કોણ ઉતર્યું ? કાંતિલાલ સાથે તેનો મેળાપ ક્યારે થયો? (૨)
૩) 'કાંતિલાલે લખેલો પત્ર પ્રેમપત્ર નહિ પણ જીવન સાથીની શોધમાં હતો' સમજાવો. (૩)
૪) બિંદુ અને ઉર્મિલા બન્નેના જીવનમાં કઇ સમાન ઘટના બની તે વર્ણવી બંને વચ્ચેના સંબંધનું વર્ણન કરો. (૩)

પ્રશ્ન ૭ **'પણ ભલા માણસ ! તું જુવાન જોધ આમ આંહી રખડે, ને ડોસા ઢોરાંમાં હોય ઇ કાંઇ સારુ લાગે ? - 'ગોપાલ'**

૧) આ વાક્ય કોણ કોને કહે છે ? શા માટે ? (૨)
૨) વાર્તામાં 'માવડિયું' શબ્દ કોની માટે પ્રયોજ્યો છે ? તેના જીવનની અવદશા વર્ણવો.(૨)
૩) ઉંબરવાડીના ક્યા ભયંકર દેખાવની વાત કરે છે ? ભયાનકતાનું વર્ણન કરો (૩)
૪) 'ગોકળી' કોણ હતો ? તેનો દુઃખદ અંત કઇ રીતે આવ્યો ? (૩)

પ્રશ્ન ૮ **'શત સેવક તેડાવ્યા રાયે, કહ્યું જગાડો કુંભકર્ણ, લક્ષ જોધા. વળગા ઢંઢોળે, 'રણયજ્ઞ'**

૧) કાવ્યના કવિનું નામ લખી કાવ્ય પ્રકાર વિશે ટૂંકમાં લખો. (૨)
૨) કુંભકર્ણ કોણ હતો ? તેને જગાડવાની જરૂર શા માટે પડી ? (૨)
૩) કુંભકર્ણ ક્યા ક્યા પ્રયત્નો બાદ જાગે છે ? ઉપાય કોણે સૂચવ્યો ? (૩)
૪) જાગ્યા પછી કુંભકર્ણ સજ્જન માણસ જેવો શા માટે લાગે છે ? (૩)

પ્રશ્ન ૯ **'એક આદમી સાવ ઓલિયો વહી, રહ્યો' તો વાટે, સુણી ચુકાદો ચમક્યો, થંભ્યો, ઉરના કોઇ ઉચાટે.... 'પથ્થર થર થર ધ્રૂજે'**

૧) આ કાવ્યના કવિનું નામ તેમનો કાવ્યસંગ્રહ જણાવો (૨)
૨) 'ઓલિયો' શબ્દ કોની માટે વપરાયો છે ? તે ક્યાંથી પસાર થતા હતા ? (૨)
૩) સમાજના સજ્જનો ક્યો નિર્ણય લે છે ? શાં માટે ? (૩)
૪) સર્વલોકો એક પછી એક અલોપ શા માટે થયા ? કવિએ આપેલો બોધ વર્ણવો. (૩)

પ્રશ્ન ૧૦ **'તમારે રંગો છે, અને આકારો છે, કલાકારે દીધો તમ સમીપ આનંદ કણ છે.... 'બનાવટી ફૂલોને'**

૧) કાવ્યના કવિ - કાવ્યનો પ્રકાર લખો (૨)
૨) કાવ્યમાં કવિ ફૂલના જીવન દ્વારા કઇ સત્યવાત રજૂ કરે છે ? (૨)
૩) બનાવટી અને અસલી ફૂલો વચ્ચે દેખીતો શું તફાવત કવિ દર્શાવે છે ? (૩)
૪) કાવ્ય દ્વારા કવિ શું સંદેશ આપે છે ? (૩)

~~x~~